જળ સંપત્તિ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીને વહિવટી મંજૂરીની સત્તા આપવા બાબત

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક:- પરચ /૧૦૨૦૧૭/૯૭૨/ એમ.આઇ.સેલ (ક-૧)
તા.૨૫/૦૯/૨૦૧૮

**વંચાણે લીધો:** પરચ /૧૦૨૦૧૭/૯૭૨/ એમ.આઇ.સેલ (ક-૧) તા.૨૪/૦૧/૨૦૧૮

**આમુખ:**

ગુજરાત રાજયમાં જળ સંપત્તિ વિભાગના તાંત્રિક અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ સત્તાઓ, ઉપર દર્શાવેલ સંદર્ભિત ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવમાં જળ સંપત્તિ વિભાગના સમાન પદ ધરાવતા અધિકારીશ્રીઓની મંજૂરી આપવાની સત્તા જુદી જુદી છે જેને અનુલક્ષીને વિવિધ કક્ષાના તાંત્રિક અધિકારીશ્રીઓની સપ્રમાણ કામગીરી રહે તે હેતુસર અને યોગ્ય પ્રમાણમાં તાંત્રિક/નાણાકીય સત્તાઓ તેઓને મળે તે બાબત લક્ષમાં લઈ પ્રવર્તમાન સત્તાઓમાં સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની સઘન વિચારણામાં હતી. વિચારણાના અંતે આ સંદર્ભ હેઠળના પરિપત્ર સાથે બિડેલ પત્રકમાં વિગતવાર સત્તા સુધારો કરી જે તે તાંત્રિક અધિકારીશ્રીઓના હોદ્દા સાથે દર્શાવેલ મંજૂરીઓ તથા અન્ય સત્તા સોંપણી સુધારવાનું ઠરાવેલ હતુ. તા.૨૪/૦૧/૨૦૧૮ના ઠરાવમાં કાર્યપાલક ઇજનેરશ્રીને વહિવટી મંજૂરીની સત્તા સોંપવામાં આવેલ ન હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે હવે કાર્યપાલક ઇજનેરશ્રીને વહિવટી મંજૂરીની સત્તા નીચે મુજબ સોંપવાનું ઠરાવેલ છે.

સામાન્ય પરિસ્થિતિમાં કાર્યપાલક ઇજનેરશ્રી, સબંધિત અધિક્ષક ઇજનેરશ્રીની સૈધ્ધાંતિક મંજૂરી મેળવ્યા બાદ, રૂ.૫ લાખ સુધીની વહિવટી મંજૂરી આપી શકશે. અધિક્ષક ઇજનેરશ્રીએ આવી મંજૂરીઓ વર્તુળના જે તે વર્ષમાં ફાળવાયેલ બજેટ (સદર મુજબ)ની મર્યાદામાં આપવાની રહેશે. તાકીદની પરિસ્થિતિમાં કાર્યપાલક ઇજનેરશ્રી રૂ.૫ લાખ સુધીની વહિવટી મંજૂરી સબંધિત અધિક્ષક ઇજનેરશ્રીની જાણ હેઠળ આપી શકશે.

આ સુધારો સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(એસ.બી. પ્રજાપતિ)
ખાસ ફરજ પરના અધિકારી(સિં.યો.)
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય રાજ્યકક્ષાનામંત્રીશ્રી( જ.સં)(સ્વતંત્ર હવાલો)અંગત મદદનીશ શ્રી, , સચિવાલય, ગાંધીનગર

(૨) સચિવશ્રી( જ.સ) ના અંગત મદદનીશશ્રી. ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, , સચિવાલય, ગાંધીનગર

(૩) ખાસ સચિવશ્રી( જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ .અને કલ્પસર વિભાગ, , સચિવાલય, ગાંધીનગર

(૪) સર્વે મુ.ઇ .અને અ.સ.શ્રીઓ, ન.જ.સં.પા.પુ અને ક .વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર૧૦ બી-, ગાંધીનગર

(૬) નાણાકીય સલાહકાર(જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૭) નાયબ સચિવશ્રી(તપાસ), સચિવાલય, ગાંધીનગર

(૮) સર્વે ઉપસચિવશ્રીઓ (તાંત્રિક), , સચિવાલય, ગાંધીનગર

(૯) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ .અને ક .વિભાગ

(૧૦) સર્વે પ્રોજેક્ટ શાખા( ક-૧, ક-૨, ક-૩, જ), સચિવાલય, ગાંધીનગર

(૧૧) સીલેકટ ફાઇલ